ક્રમાક: ઈજફ/૧૦૨૦૨૩/૪૧/ચ
નાણા વિભાગ,
બ્લોક નં.૪/૭મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૧/૦૮/૨૦૨૫

પ્રતિ,
અ.મુ.સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી,
સચિવાલયના તમામ વિભાગો,
સરદાર ભવન, ગાંધીનગર.

**વિષય: ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલા કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈના ઈજાફો આકારવા બાબત.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈનો ઈજાફો આકારવા બાબતે થયેલા કોર્ટ કેસ સંદર્ભે નામ.સુપ્રિમકોર્ટ દ્વારા તા.૨૦/૦૨/૨૦૨૫ના રોજ ચુકાદો આપવામાં આવેલ. જે અન્વયે નામ.હાઈકોર્ટ ખાતે દાખલ થયેલા સમાન પ્રકારના તમામ કેસો નામ.હાઈકોર્ટના તા.૨૬/૦૩/૨૦૨૫ના કોમન ઓરલ ઓર્ડરથી નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાથી આપવામાં આવેલ નિર્દેશો મુજબ છ માસમાં કાર્યવાહી પુર્ણ કરવાના નિર્દેશો સાથે ડિસ્પોઝ્ડ કરવામાં આવેલ છે. નામ.હાઈકોર્ટના તા.૨૬/૦૩/૨૦૨૫ના ચુકાદામાં આપવામાં આવેલ નિર્દેશો મુજબ ૬ માસની સમય મર્યાદા તા.૨૬/૦૯/૨૦૨૫ના રોજ પૂર્ણ થાય છે.

૨. નામ.સુર્પિમકોર્ટ તથા નામ.હાઈકોર્ટના ઉક્ત ચુકાદા અન્વયે ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈનો ઈજાફો આકારવાની કાર્યવાહી સત્વરે તથા સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે નાણા વિભાગ ખાતે તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠકો યોજવામાં આવેલ હતી.

૩. આથી નામ.સુર્પિમકોર્ટ તથા નામ.હાઈકોર્ટના ઉક્ત ચુકાદા મુજબ ૩૦ જુનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૦૧ જુલાઈનો ઈજાફો આકારવા અંગેની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ થાય તેની તકેદારી રાખી, સઘન મોનીટરીંગ કરી આ કાર્યવાહી પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર (પ્રમાણપત્રનો નમૂનો આ સાથે સામેલ છે) નાણા વિભાગને તા.૩૧/૦૮/૨૦૨૫ સુધીમાં અચૂક મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

**નોંધ: વિભાગે માહિતીનું સંકલન કરીને વિભાગ દીઠ એક જ પ્રમાણપત્ર નાણા વિભાગને રજૂ કરવાનુ રહેશે.**

**%બિડાણ: ઉપર મુજબ**

આપનો વિશ્વાસુ,

(આઈ.ડી.ચૌધરી)
નાયબ સચિવ
નાણા વિભાગ

# <u>પ્રમાણપત્ર</u>

નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૦/૦૨/૨૦૨૫ના તથા નામ.હાઈકોર્ટના તા.૨૬/૦૩/૨૦૨૫ના ચુકાદા મુજબ ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ પેન્શનરોને ૧ જુલાઇનો ઈજાફો આપવાના આ વિભાગના કુલ ...................... કેસ હતા. જેમાંથી પાત્રતા ધરાવતા ........................ કેસ મંજૂર કરવામાં આવેલ છે તથા .................... કેસ નામંજૂર કરવામાં આવેલ છે. આ વિભાગના એકપણ કેસ (પિટિશનર/ નોન-પિટિશનર) પડતર નથી તેની ખાતરી કરી વિભાગ દ્વારા આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

નાયબ સચિવ/સંયુક્ત સચિવ/અધિક સચિવ

............. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.